## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મને હમણાં જ ખબર પડી કે નવા સ્માર્ટ ફોનમાં અશ્લીલતા બહુ વધી ગઈ છે... મને એક સારો એચ.ડી. સ્માર્ટ ફોન બતાવો...!!

### દહેગામ તાલુકાના ગામમાં ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ ના મુવાડા તેમજ અન્ય ચાર ગામની કુલ ૧૨૧ નિરાધાર મહિલાઓને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ભેટાઈમાં ૮ લાભાર્થીને પણ જરુરી ચીજવસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં ડો.પ્રવિણ બોઘાણી, સંદિપસિંહ, મિલિન્દભાઈ સહિત સમિતિના સભ્યો જોડાયા હતા.

# વોર્ડ નં. ૧ની પાંચ આંગણવાડીઓને પણ 'સ્માર્ટ' બનાવવા રજૂઆત

### સ્માર્ટ આંગણવાડી પ્રોજેક્ટમાં વોર્ડ નં. ૧ની પાંચ આંગણવાડીઓનો સમાવેશ ન કરાતા સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલની માંગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં પોણા પાંચ કરોડના ખર્ચે કુલ-૨૩ આંગણવાડીઓને 'સ્માર્ટ આંગણવાડી' બનાવવામાં આવનાર છે. જો કે મહાનગરપાલિકા અંતર્ગત કુલ-૩૩ આંગણવાડી આવે છે તેમાંથી ૨૩ આંગણવાડીઓને 'સ્માર્ટ' બનાવવા પસંદ કરાતા અસંતોષનો સૂર ઉઠતો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરના વોર્ડ નં. ૧માં પાંચ આંગણવાડીઓને પેથાપુર ઝોનમાં મુકી દેવાતા તેમનો 'સ્માર્ટ આંગણવાડી' પ્રોજેક્ટમાં સમાવેશ થઈ શક્યો નથી. તેથી સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા આ આંગણવાડીઓને થયેલો અન્યાય દૂર કરવા માંગ કરવા સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ કુલ ૩૩ આંગણવાડીમાંથી ૧૦ આંગણવાડીઓને જિલ્લા પંચાયત દ્વારા પેથાપુર ઝોનમાં મુકી દેવાઈ છે. આ ૧૦માંથી પાંચ આંગણવાડીઓ વોર્ડ નં. ૧માં આવે છે. જેમાં આદિવાડાની-૨, પ્રેસ છાપરાંની-૧, ચરેડી છાપરાંની-૧ અને સે-૨૮/૧ની-૧ આંગણવાડીનો સમાવેશ થાય છે. વોર્ડ નં.-૧ ભાજપનો ગઢ બન્યો હોવાથી કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયત દ્વારા જાણી જોઈને આ પગલું ભરાયુ હોવાનો આક્ષેપ કરતા ભાજપી કોર્પોરેટર હર્ષાબા ધાંધલે મ્યુનિસિપિલ કમિશ્નરને પત્ર લખી વોર્ડ નં.-૧ની આ પાંચેય આંગણવાડીઓને તાત્કાલિક રાહે સ્માર્ટ આંગણવાડી પ્રોજેક્ટમાં સમાવેશ કરવા માંગ કરી છે. આ સાથે તેમણે જો આ બાબતે ન્યાય નહી મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે. આ પત્રની નકલ તેમણે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે સહિત જિલ્લા વિકાસ અધિકારીને પણ મોકલી આપી છે.



### ડસ્ટબીનમાં નીલગાયનું માથું ફસાયું..!!

ગાંધીનગરના જુના સચિવાલયના મુખ્ય દરવાજા પાસે મુકવામાં આવેલી એક ડસ્ટબીનમાં વહેલી પરોઢે ખોરાકની શોધમાં ભટકતી એક નીલગાયનું માથુ ફસાઈ જવા પામ્યું હતું. ફાયરબ્રિગેડના સબ ઓફિસર એસ.એમ. શેખ અને તેમની ટીમે લગભગ પોણો કલાક મથામણ કરી ત્યારે નીલગાયનો છુટકારો થવા પામ્યો હતો. એક તરફ વધલો ખોરાક ડસ્ટબીનમાં નાંખવાની નાગરિકોની આદત અને તેમાં ઢાંકણા ખોવોયલી ખુલ્લી ડસ્ટબીનો આપણી આસપાસ વસતા પ્રાણીઓ માટે મુશ્કેલી સર્જી શકે છે તેવો એક નાનકડો પુરાવો આ ઘટના પુરો પાડે છે.

# છાલા પાસેથી દારૂ ઢીંચીને ચોરીના બાઈક સાથે જતા બે ઝડપાયા

### હિંમતનગરથી બાઈક ચોરીને નીકળ્યા હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧૧

હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર છાલા બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહેલા બે શકમંદોને ઉભા રાખી ચિલોડા પોલિસે તપાસ કરતા બંને પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું તે જે બાઈક લઈને આવ્યા હતા તે બાઈક અંગે પુછપરછ કરતા હિંમતનગરથી બાઈક ચોર્યું હોવાની કબુલાત કરી હતી.



ચિલોડા પોલિસે બંનેની ધરપકડ કરી ચોરીનું બાઈક રીકવર કરી વધુ પુછતાછ શરુ કરી છે.

છાલા બસ સ્ટેન્ડ પાસેથી પકડાયેલા રાજકોટના બે શખ્સો રાજેશ મુકેશ લાલતીયા અને નારણ દેવજી આહીર બંને દારૂના નશામાં અને હાથે-માથે પાટાપીંડી કરેલ હાલતમાં હતા. પીધેલા બંને શખ્સની બાઈક અંગે ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા ટીમે ઈન્ટ્રોગેશન કરતા બંનેએ બાઈક હિંમતનગરથી ચોરી કર્યું હોવાની સનસની કબુલાત કરી લીધી હતી. પકડાયેલા બંને વાહનચોરો પૈકી રાજેશ લાલતીયા અગાઉ રાજકોટમાં બે બાઈક ચોરી, પ્રોહીબીશન સહિતના ગુનાઓમાં પકડાઈ ચુકયો છે. આ શખ્સ પાસા હેઠળ બરોડા જેલમાં પણ જઈ આવ્યો હોવાનું પોલિસ ઈન્ટ્રોગેશનમાં ખુલ્યું છે.

### બ્રહ્માકુમારીઝ દ્વારા સે-૩/ડી રામેશ્વર મંદિર ખાતે બર્ફીલા અમરનાથ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૩ ગાંધીનગર દ્વારા ૧૩ ફેબ્રુઆરીને મંગળવારના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વે બર્ફીલા અમરનાથ, આત્મખોજ પ્રદર્શન અને શિવ અવતરણ વિડિયો શો તથા વેલ્યુ ગેમનું આયોજન કરવામાં આવ્યું છે. બર્ફીલા અમરનાથના દર્શન, આત્મખોજ પ્રદર્શન શિવરાત્રીના દિવસે સવારે ૭ થી સાંજના ૭ કલાક સુધી નિહાળી શકાશે. આ ઝાંખીના ઉદ્દઘાટક તરીકે શહેરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ પછી એક ખુશનુમા જીવનના પ્રારંભ માટે રાજયોગ દ્વારા ખુશનુમા દિવ્ય જીવન શિબિરનું આયોજન તા.૧૪, ૧૫, ૧૬ ફેબ્રુઆરીના રોજ સે-૩ ડી રામેશ્વર મંદિરના સભાખંડ ખાતે સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ તથા રાત્રે ૮ થી ૯ કલાક દરમિયાન યોજાશે.

# ઓપીડીમાં ઈકો મશીનમાં કાગળના રોલની અછત વર્તાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડી વિભાગમાં ઈકો કાર્ડિયોગ્રાફિક મશીનના કાગળના રોલ ખુટી પડતા હદય સંબધિત બિમારીથી પિડાતા દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. તાત્કાલીક ઈકો જરુરી હોય તેવા દર્દીઓને અન્ય ખાનગી દવાખાનામાં ઈકો કરાવવાનો વારો આવ્યો હતો. હાર્ટ જેવા ગંભીર રોગના દર્દીઓને સિવિલનો કડવો અનુભવ થતા આરોગ્યલક્ષી સુવિધાઓ પર પ્રશ્નાર્થ ઉઠવા પામ્યા છે. સિવિલ તંત્ર અસંખ્ય સમસ્યાઓથી પિડાઈ રહ્યું છે. ત્યારે દર્દીઓને આરોગ્યલક્ષી સુવિધાઓ ઝડપી અને સત્વરે સરળતાથી મળી રહે તે દિશામાં તંત્રએ કામગીરી કરવી આવશ્યક બની જવા પામી છે.

સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે.



તાવથી માંડીને કિડનીના રોગની સારવાર પણ ઉપલબ્ધ થતા જિલ્લાવાસીઓ માટે સિવિલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ખાસ કરીને સિવિલમાં અકસ્માતમાં ઈજા પામેલા તેમજ હદય સબંધિત બિમારીથી પિડાતા દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે. સિવિલમાં ડોકટરની સલાહ પ્રમાણે ઓપીડી, તાત્કાલીક તેમજ ઈન્ડોર દર્દીનો જરુરીયાત પ્રમાણે ઈકો ટેસ્ટ કરવામાં આવે છે. જયારે સિવિલની ઓપીડીમાં ઈકો કાર્ડિયાક મશીનના કાગળના રોલ ખુટી પડતા દર્દીઓનો ઈકો થઈ શક્યો નહતો.જેથી હાર્ટના દર્દીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. ઈકો મશીનના કાગળ ન આવતા દર્દીઓને ખાનગી દવાખાનામાં રૂપીયા ખર્ચીને ટેસ્ટ કરાવવો પડ્યો હતો.

પરંતુ તંત્રએ ઓપીડીમાં ઈકો ટેસ્ટના કાગળ ખુટી પડતા દર્દીઓને તકલીફ ના પડે તે માટે તાત્કાલીક વિભાગ અને ઈન્ડોર વિભાગમાં આવેલ મશીનમાં ઈકો કરાવી લીધા હતા. સિવિલમાં હાર્ટના દર્દીઓને ઝડપથી સારવાર મળી રહે તે માટે આઈસીયુ વિભાગમાં દર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ટુ ડી ઈકો કરવામાં આવે છે. પરંતુ ઓપીડીમાં ઈકો મશીનના કાગળના રોલ ખુટી પડતા સિવિલ તંત્ર દ્વારા દર્દીઓને આપવામાં આવતી આરોગ્યલક્ષી સારવારને અનુલક્ષી અનેક સવાલો ઉભા થવા પામ્યા હતા.

# ગ્રામ્ય વિસ્તારના એ.ટી.એમ.માં કેશ નથી...!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારના એટીએમમાં કેશ નથી. એટીએમમાં કેશ ન હોવાથી ગ્રામ્ય વિસ્તારના નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. વાવોલ, કુડાસણ, સરગાસણ તેમજ અન્ય ગ્રામ્યના નાગરીકો રૂપીયા હોવા છતા આર્થિક સંકળામણનો ભોગ બન્યા હોય તેમ લાગે છે. અત્યારે હાલ પગાર તારીખ છે નાગરીકો રૂપીયા ઉપાડવા જાય છે પરંતુ એટીએમમાંથી રૂપીયા નીકળતા નથી. એટીએમના સર્વરમાં ટેકનીકલ ખામી સર્જાઈ હોય તો પણ નાણા નીકળી શકતા નથી. તેવી સ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિવિધ ઠેકાણે આવેલા એટીએમ તો ડચકા ખાય છે, કયારે બંધ હોય છે અને કયારે શરુ તે કોઈ શકે તેમ નથી. તેમ છતા નાગરીકોને એક નહી તો બીજા સ્થળે થી રૂપીયા ઉપાડવામાં તકલીફનો સામનો કરવો પડતો નથી. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ગણ્યાગાંઠ્યા એટીએમ આવેલા હોય છે. જેમાં સર્વર ડાઉન તેમજ અન્ય ટેકનીકલ ખામીના કારણે એટીએમ શરુ ન હોય તો સામાન્ય નાગરીકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવે છે. વાવોલ, કુડાસણ, સરગાસણ, રાંદેસણ, રાયસણ સહિતના વિસ્તારોમાં એટીએમની આ સ્થિતિ છે. કોઈ એટીએમમાં કેશ નથી તો કોઈમાં મશીનની આંતરીક ખામીને પગલે બંધ હોય છે. ત્યારે સામાન્ય નાગરીકને પગાર તારીખમાં પણ આર્થિક સંકળામણનો સામનો કરવો પડે છે. છતા રૂપીયે નાગરીકોને કિલોમીટરો સુધી લાબા થવાનો વારો આવે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારના એટીએમ ઝડપી કાર્યરત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



### વાવોલમાં ભાજપના ચૂંટણી કાર્યાલયોનો પ્રારંભ

ગાંધીનગર તાલુકાની ચૂંટણીઓનું બ્યુગલ વાગી ચુક્યું છે અને રાજકીય પક્ષોમાં ફરી ધમધમાટ ચાલુ થઈ જવા પામ્યો છે. વાવોલમાં ભારતીય જનતા પક્ષના ચૂંટણી કાર્યાલયોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ શૈલેષભાઈ પટેલ, વાવોલ-૧ બેઠકના ઉમેદવાર તથા વાવોલના પૂર્વ સરપંચ કમલેશજી ગોલ, વાવોલ-૨ બેઠકના ઉમેદવાર રોહિતકુમાર પટેલ, ભાજપના જિલ્લા સંગઠનના સભ્ય અતુલભાઈ પટેલ, મહિલા મોરચાના પ્રમુખ છાયાબેન ત્રિવેદી, તાલુકા સંગઠનના ઉપપ્રમુખ દિલીપસિંહ ગોલ સહિત વાવોલ અને પુન્દ્રાસણ ગામના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મિશન રાજ્યસભા : કેન્દ્રના ૩ મિનિસ્ટર પૈકી કોણ ગુજરાત બહાર જશે, કોનું પત્તુ કપાશે!

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં રાજ્યસભાની કુલ ૧૧ બેઠકો છે. આ બેઠકો પૈકી કોંગ્રેસ પાસે માત્ર બે સભ્યો છે જેમાં અહમદ પટેલ અને મધુસુદન મિસ્ત્રીનો સમાવેશ થાય છે. બાકીની ૯ બેઠકો ભાજપના ફાળે છે. ૨૦૧૮માં આવી રહેલી રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસને વધુ બે બેઠકો મળતાં કોંગ્રેસની સભ્યસંખ્યા વધીને ૪ થશે અને ભાજપની ઘટીને ૭ થશે. એપ્રિલ ૨૦૧૮માં ગુજરાતમાંથી શંકર વેગડ, પરસોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અને અરૂણ જેટલી વયનિવૃત્ત થાય છે. આ ચાર સભ્યો પૈકી ત્રણ કેન્દ્રમાં મિનિસ્ટર છે તેથી એક સભ્યને ગુજરાત બહાર જવું પડશે. બીજી તરફ કોંગ્રેસને બે બેઠકોનો ફાયદો છે. કોંગ્રેસ એક બેઠક રાષ્ટ્રીય નેતાને આપી શકે છે અને એક બેઠકમાં પાંચ થી છ દાવેદારો છે, જે પૈકી શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને ભરતસિંહ સોલંકી મુખ્ય છે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસની સભ્યસંખ્યા ૮૦ છે અને ભાજપની ૯૯ છે. ૯૯ પૈકી ૨૦ મંત્રીઓને બહાર કરવામાં આવે તો ધારાસભ્યોની સંખ્યા કોંગ્રેસ કરતાં ઓછી એટલે કે ૭૯ થાય છે. જો કે રાજ્યસભાની બે બેઠકો મેળવવા માટે કોંગ્રેસ પાસે પુરતી સભ્યસંખ્યા છે એટલે કે રાજ્યસભાની ચાર બેઠકો પૈકી બે બેઠકો મેળવવામાં કોંગ્રેસને મુશ્કેલી પડે તેમ નથી.

### ગુજરાતની સડક હાઉસફુલ, પબ્લિક ટ્રાન્સપોર્ટેશન એકમાત્ર વિકલ્પ બચ્યો છે

**ગુજરાત સરકારના ગોલ સિદ્ધ કેમ થતા નથી...**

ગુજરાત ઓટો હબ બનશે... ગુજરાત સોલાર હબ બનશે...ગુજરાત ઈકોનોમિક ટાઈગર બનશે તેવા વાયદા ખૂબ થયા પરંતુ હકીકત એ છે કે આ બિરૂદ દેશના અન્ય રાજ્યોના ફાળે જઈ રહ્યાં છે. જ્યાં સુધી ગુજરાતમાં સિંગલ વિન્ડો ક્લિયન્સ અને પ્રોજેક્ટ બેઝ તત્પરતા નહીં જોવા મળે ત્યાં સુધી ગુજરાતના સ્વપ્ર સાકાર થઈ શકે તેમ નથી. ગુજરાતમાં અત્યાર સુધી થયેલા એમઓયુમાં સરકારનું વહીવટી તંત્ર ઝડપથી ફોલોઅપ નહીં કરે ત્યાં સુધી સરકારના ગોલ સિદ્ધ થવાના નથી. હવે એવું કહેવામાં આવે છે કે ગુજરાત એ ઈન્ડિયાનું પહેલું ઈલેક્ટ્રોનિક વ્હિકલનું હબ બનશે. કારણ એવું આપવામાં આવે છે કે જેએસડબલ્યુ-સુઝૂકી, એમજી મોટર્સ અને ટાટા મોટર્સ તેમની ફેક્ટરીમાં ઈલેક્ટ્રિક વાહનો બનાવશે. ટાટા મોટર્સે એવો વાયદો કર્યો હતો કે નેનો કારનો પ્રોજેક્ટ વર્ષે બે લાખ વાહનો બનાવશે પરંતુ આ પ્રોજેક્ટ પડી ભાંગ્યો છે. ટાટા મોટર્સે નેનો કારનું ઉત્પાદન બંધ કરી દીધું છે. ઉદ્યોગો પ્રત્યે સરકારની ઉદાસિનતા જ્યાં સુધી દૂર નહીં થાય ત્યાં સુધી ગુજરાતમાં કોઈપણ ક્ષેત્રમાં હબ બની શકવાની ક્ષમતા નહીં હોય...

**દેશમાં ૧૫૦૦, ગુજરાતમાં ૫૬ IASની ઘટ...**

ભારતમાં ૧૫૦૦ જેટલા આઈએએસ ઓફિસરોની ઘટ છે. દેશમાં કુલ ૬૫૦૦ ઓફિસરો હોવા જોઈએ પરંતુ હાલની સ્થિતિએ ૫૦૦૪ ઓફિસરો છે. ગુજરાત રાજ્યમાં આ ઘટનો આંકડો ૫૬ થવા જાય છે. ઓફિસરોની ઘટના કારણે બીજા ઓફિસરોને વધારાના હવાલા આપીને વહીવટ ચલાવવો પડે છે. ગુજરાતના પડોશી રાજ્યો પૈકી મધ્યપ્રદેશમાં ૯૮, મહારાષ્ટ્રમાં ૪૮ અને રાજસ્થાનમાં ૭૦ આઈએએસ ઓફિસરોની ઘટ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના ગુજરાતમાં ટોટલ સ્ટ્રેન્થ ૨૯૭ છે જેની સામે ૨૧૪ આઈએએસ ઓફિસરો ફરજ બજાવે છે. ગુજરાતમાં ૧લી જાન્યુઆરી ૨૦૧૭ની સ્થિતિએ ૫૬ આઈએએસ ઓફિસરોની ઘટ છે. ગુજરાતમાં ઓફિસરોની સંખ્યા ઓછી હોવાથી અને દિલ્હી ડેપ્યુટેશન પર ગયેલા ૧૮થી વધુ ઓફિસરોના કારણે એક ડઝન જેટલા ઓફિસરોને બીજા વિભાગ કે જાહેર સાહસના વધારાના હવાલા આપવા પડ્યા છે.

### આઈએએસ ઓફિસર ઓન ડિમાન્ડ; હિસાબ કરો-કેટલા બહાર ને કેટલા ગુજરાતમાં

**સ્વૈનનું સપનું પૂર્ણ થશે, ચુઆંગો પણ લાઇનમાં...**

ગુજરાતના સ્ટેટ ઈલેક્ટ્રોરલ ઓફિસર- સીઈઓ- બી.બી.સ્વૈન કે જેઓએ નવી દિલ્હીમાં ડેપ્યુટેશન પર જવાની માગણી કરી હતી તેમને ભારત સરકાર અને ગુજરાત સરકાર વતી મંજૂરી આપી દેવામાં આવી છે. તેમને દિલ્હી જવાનું ક્લિયરન્સ મળી ચૂક્યું છે. તેમની નિયુક્તિ ભારતના ચૂંટણી પંચમાં થઈ શકે છે. તેમની જેમ બીજા અધિકારી મુકેશ પુરી છે. તેઓ દિલ્હી ડેપ્યુટેશન માટેના ઈન્તજારમાં છે. તેમની ડેપ્યુટેશનની ફાઈલ હજી સુધી ક્લિયર થઈ નથી. અતિ મહત્વનો બીજો ફેરફાર એવો સંભવ છે કે એલ. ચુઆંગોને હોમસ્ટેટ મિઝોરમમાં જવું છે. તેઓ હાલ જીએડીમાં પ્રિન્સિપલ સેક્રેટરી છે. તેમને ડેપ્યુટેશનમાં મિઝોરમ જવું છે. તેમને ત્યાં કિપોસ્ટ મળી શકે છે. સચિવાલયમાં એવી પણ અફવા ચાલી છે કે મિઝોરમમાં તેઓ વિધાનસભાની ચૂંટણી લડી શકે છે. મિઝોરમમાં આ વર્ષના અંતમાં ચૂંટણી આવી રહી છે.

**ઇંધણ બદલવું છે પણ નિતી બદલવી નથી...**

પેટ્રોલ અને ડિઝલના આસામાને પહોંચેલા ભાવો સામે ઈંધણ બદલવાની ક્ષમતા આપણામાં હોવી જોઈએ. સરકાર વાતો કરે છે કે આપણે ૪૦ ટકાથી વધુ ઈલેકર્ટિક વાહનોને ૨૦૩૦ સુધીમાં બજારમાં મૂકવા સક્ષમ છીએ પરંતુ ખાટલે મોટી ખોડ છે. ભારત સરકાર એવું કહે છે કે હવે જમાનો ઈલેક્ટ્રિક વાહનોનો આવવાનો છે પરંતુ જ્યાં સુધી મોદી સરકાર ઈલેક્ટ્રોનિક ટ્રાન્સપોર્ટેશનની સ્પષ્ટ નિતી નહીં બનાવે ત્યાં સુધી મલ્ટીનેશનલ કંપનીઓ ભારતમાં મૂડીરોકાણ કરી શકશે નહીં. સૂત્રો જણાવે છે કે રેનો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ફોર્ડ મોટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા, મર્સીડીઝ બેન્ઝ પ્રાઈવેટ લિમિટેડ અને ફિયાટ કાઈસલર (એફસીએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ) ભારતમાં ઈલેક્ટ્રિક વાહન લઈને આવવાનું કોઈ તાત્કાલિક આયોજન ધરાવતા નથી. રેનો ઈન્ડિયાએ તો જણાવ્યું છે કે ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગ માટે ભારતમાં શાનદાર તક છે પરંતુ સરકારે તે અંગે સ્પષ્ટ નીતિ, સમયગાળો અને અત્યંત આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર રાખવુ જોઈએ. ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં ચીન, યુકે, યુએસ અને જર્મની ખૂબ આગળ વધી ચૂક્યાં છે.

### મોદી સરકારે પણ વિચારવું જોઇએ કે ગુજરાતના ગોલ સિદ્ધ કેમ થતા નથી

**સડકો પર ૨.૩૦ કરોડ વાહનોની ભરમાર...**

ગુજરાતમાં ૨૦૧૭ની આખરી ગણતરી પ્રમાણે રાજ્યની સડકો પર ૨.૩૦ કરોડ વાહનો ફરી રહ્યાં છે. રાજ્યની વસતી સવા છ કરોડ ગણીએ તો પણ આ સંખ્યા એટલી મોટી છે કે ભરચક સડકો પર પદયાત્રીકોને ચાલવાની જગ્યા પણ હવે નસીબ નથી. ગુજરાત વાહનોથી ભરપૂર બન્યું છે જેનું મુખ્ય કારણ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની અપૂરતી સુવિધા છે. સરકાર જો આ દિશામાં નહીં વિચારે તો એક દિવસ એવો આવશે કે ગુજરાતના મુખ્ય શહેરોમાં ઓડ ઈવન કરવું પડશે. ૨૦૦૦ની સાલમાં ગુજરાતમાં ૫૧.૯૦ લાખ વાહનો હતા જેમાં વિક્રમગતિએ વાહનોની સંખ્યાનો વધારો થયો છે. દસ વર્ષ પછી ગુજરાતમાં વાહનોની સંખ્યા વધીને ૧.૧૮ કરોડ થઈ હતી. ૨૦૧૬ના અંતે ગુજરાતમાં આ આંકડો બે કરોડને ક્રોસ કરી ગયો હતો. છેલ્લી વાહન ગણતરી પ્રમાણે રાજ્યમાં ૨.૨૦ કરોડ વાહનો ગુજરાતની સડકો પર ફરી રહ્યાં હતા જેમાં વધુ ૧૦ લાખનો વધારો થયો છે. આ વાહનોમાં સૌથી વધુ દ્વિચક્રી એટલે કે સ્કૂટર અને મોટરબાઈક જોવા મળે છે.

**શહેરોના મ્યુનિસિપલ કમિશનરો બદલાઇ શકે છે...**

ગુજરાતના વહીવટી તંત્રમાં ફેરફાર નિશ્ચિત બન્યા છે ત્યારે રાજ્યના પાંચ થી સાત શહેરોમાં ફરજ બજાવતા મ્યુનિસિપલ કમિશનરોની બદલી પણ થવાની સંભાવના વધી ગઈ છે. ખાસ કરીને વિવાદમાં ઘેરાયેલા વડોદરા મ્યુનિસિપલ કમિશનર વિનોદ રાવની બદલી નિશ્ચિત માનવામાં આવે છે. એ ઉપરાંત અમદાવાદ, રાજકોટ અને સુરતના મ્યુનિસિપલ કમિશનરો બદલાઈ શકે છે. તાજેતરમાં રાજ્યના તમામ મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરોએ સરકાર સમક્ષ પરફોર્મન્સનું રિપોર્ટ કાર્ડ રજૂ કર્યું છે અને હાલ શહેરોના બજેટનો સમય છે તેથી આ બદલીઓ વિધાનસભાના બજેટ સત્ર દરમ્યાન અથવા તો બજેટ સત્ર પછી થવાની શક્યતા છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી મ્યુનિસપલ કમિશનરોની સાથે જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારી તેમજ સરકારના મહત્વના વિભાગોમાં બદલીઓ કરે તેમ મનાઈ રહ્યું છે. સરકારે ઉદ્યોગ વિભાગની સિનિયર જગ્યાએ ફુલટાઈમ ઓફિસર નિયુક્ત કરવાની કવાયત હાથ ધરી છે. બીજી તરફ જો અનિલ મુકીમ ડેપ્યુટેશન પર દિલ્હી જાય છે તો તેમની નાણા વિભાગની અધિક મુખ્ય સચિવની ખાલી જગ્યાએ પણ સિનિયર ઓફિસરનું નામ સરકારે વિચારવાનું રહે છે.